બ્રહ્મ અદ્વૈત નવ લક્ષ તારા દ્વૈત કટારી

બ્રહ્મભાટ ઉત્પતિ વર્ણન.

કર્તા ભગવાનદાસ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

પરીખ. પુંજાભાઇ નાથાભાઇ.

સત્ય ધર્મ પાળવા પળાવવા વીશે વાર્તા.

અમદાવાદ

સિવ્હિલ હસ્પિતાલ સામે પાનાભાઇની વાડીના
મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં

ઇશ્વરદાસ જેકણદાસે છાપી.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૭

કીમત રૂ. ૦—૪—૦

૬૯૭૯

ભગવાનકૃત.

જ્ઞાન સંતોષ સુર્ય તેહની શકિત ઈચ્છા રાત્રી,
ઈચ્છા શકિતથી શબ્દ કીયા જગત રચના;
બ્રહ્મ ભાટ નવ લક્ષની તાત.

શબ્દ સ્પર્ષ રૂપ રસ ગંધ, મન બુદ્ધી ચીત; અહંકાર એ નવ તત્વ શબ્દ કો આકાશ કો રૂપ. બ્રહ્મ ભાટ ॥ સ્પર્ષ વાયુકો રૂપ ક્ષત્રી. રૂપ તેજકો રૂપ; બ્રાહ્મણ, રસ પાણીકો રૂપ, વંશ ગંધ પૃથ્વીકો રૂપ સોદ્ર; એ પંચ વર્ણા ઉત્પતિ રૂપ તેજ બુદ્ધિ મન વાયુ સ્પર્ષ રસ આણી; ચીત અહંકાર ગંધ પૃથ્વી અંતઃકરણ શબ્દ આકાશ એ ચાર પાંચ નવ; એહી નવ લક્ષ તારા. તેની વાર્તા રશીક જનોને વાંચવા.

છપ્પો.

આદિ શકિત નિજ માત, પ્રગટ થઇ પવન નહિ પાણી;
મુન શુર અકળાય, માત કોઇએ ન કળાણી. ૧
ભણતા બ્રહ્મા પાઠ, વાસળી વિષ્ણુ વાતા;
શિવ બજાવે ડાક ગુણ નારદ નિત્ય ગાતા. ૨

બ્રહ્માણી રૂદ્રાણી તું, માત દેવીની સાહ્ય છે;
ભગવાનદાસ શક્તિ તણો, સરસ્વતી સુત ગુણ ગાયછે. ૩

છપ્પા.

શક્તિ સરસ્વતી માત, પાર્વતિ ચંડી દેવા;
રૂદે રહો નિજ માત, શક્તિ આપો સત સેવા, ૧
અંતર આપો જ્ઞાન, ધ્યાન ચૈતનમાં ભાસે;
પુરણ કરો પ્રકાશ, સદા રહો મારી પાસે. ૨
નવ લક્ષ ભાટની, વિનતિ, કથુ તુજપ્રતાપથી;
ભગવાનદાસ કહે સરસ્વતિ, ગમ આપો ઉત્તમ ગતિ. ૩

દોહા.

શબ્દ ભડાકો ભાટ હે, ચંડિનાથ કે તન;
નવ લક્ષ મણુતર મણુ રહે, તારા તરે મનો મન. ૧
આકાશ વ્યાપક એક હે, માહા ચૈતન ભરપુર;
એક તણો પ્રકાસ હે, શક્તિ ચૈતન શુર. ૨
શુર ચૈતન પુરૂશ હે, તારિ શક્તિ ચંદ્રમાય;
તારિ શક્તિકા ગુણ થયા, જગ્તરૂપ જણાય. ૩
સત્વ ગુણ વિષ્ણુ પ્રથમ, ક્રિયા શક્તિ ઉત્પન્ન;
શક્તિ કહે મુજને વરો, વિષ્ણુ વિચારો મન. ૪
વષ્ણુ કહે હું નહીં વરૂં, ઉત્પત્તિ મુજ માત;
વચન આપ શોભે નહીં, સત્ય કહું સાક્ષાત. ૫

પછી બ્રહ્મા રજગુણ રચ્યો, શકિત સુધ્ય સ્વરૂપ;
બ્રહ્માને કહે કે વરો, રચીએ જગત અરૂપ. ૬
બ્રહ્મા કહે માતા મુને, દેવે જગત સૌ દોષ;
તેથી મુજ ઇચ્છા નથી, કરશો નહીં અપશોસ, ૭
પછી શકિતએ શીવ રચ્યા, તમો રૂપ નીરધાર;
શંકરને કહે કે વરો, રચાયે જગત પસાર. ૮
શંભુ કહે વરીએ અમો, જગત ઉત્પતિ થાય;
દશુદ દશ ઇંદ્રી તણી, જગતમાં કહો કોણ ખાય. ૯
શંકર કહે વિવા કરો, વિધી સહીત નીરધાર;
દશ ઇંદ્રી બ્રહ્મા તણી, પ્રગટ પાપ વિચાર. ૧૦
તે છુટે કહો સા થકી, દસુદ દશનું પાપ;
શકિત કહે બ્રહ્મા લીએ, આપ પાપ સંતાપ. ૧૧
શકિત કહે બ્રહ્મા તમો, ખાવ દશુદનું દાન;
બ્રહ્મા કહે કહેશો નહીં, જગત કરે અપમાન. ૧૨
શંકર કહે બ્રહ્મા તમો, કલ્પો અંગ અવર્ણ;
તેમાં કોઇ લેશે કદા, ધારણ ધારો ધરણ. ૧૩
બ્રહ્મા બોલ્યા ચાર છે, વર્ણ માહરે અંગ;
કહોછો તો પેદા કરૂં, ચાર વર્ણના રંગ. ૧૪
મુખમાંથી બ્રાહ્મણ રચ્યા, ખભે ક્ષત્રી ઉત્પન્ન;
વૈશ કટી સૌદ્ર ચરણ, સૃષ્ટી બ્રહ્મ તનમન. ૧૫

છપ્પો.

સૌદ્ર ધરા અહંકાર, વૈશ ચીતવાર વિચારો;
ક્ષત્રી મન પવન, બુદ્ધી અગ્નિ બ્રહ્મ ધારો.
વર્ણ એહી છે ચાર, બ્રહ્મ અંગથી ભાવી;
અંતઃકરણ વિચાર, વર્ણ ચારોઈ બનાવી.
પેદાશ જાત એહિ આધ્યકી, બ્રહ્માને અંગે કથી;
દસુદ પાપ એહિચારમાં, કોઇ વર્ણ લેતી નથી.

દોહરો.

બ્રહ્મા કહે શંકર તમો, વર્ણ કરો ઉત્પન્ન;
દસુદ પાપ સૌ દીજીએ, માને શુરનું મન. ૧
શંકર કહે શકિત તમો, થાવ સરસવતી રૂપ;
બ્રહ્માની સુરતી કીયા, મહીથી ઉપજ અનુપ. ૨
શકિત કીયાથાં સરસ્વતી, પ્રગટી બ્રહ્મ સુરત;
રૂપ તેહનું શું કથું, ભુલ્યા શંકર તરત. ૩
બ્રહ્મા પણ ભુલ્યા સહી, રૂપ જોઇ નીરધાર;
સમજી મન થીરતા કરી, બેઠા ધરી વિચાર. ૪
અગ્નિ વાપ્યો અંગમાં, શંકર કામ સહાય;
લીલાટ બુંદ ઝર્યું જદા, ઓહંમ શબ્દ તદાય. ૫
સરસ્વતીએ અંતઃકરણ, શબ્દ બુંદ લીલાટ;

વર્ણ પાંચમી ઉપજી, સરસ્વતી શબ્દ બ્રહ્મ ભાટ. ૬
ચાર વર્ણ બ્રહ્મા તણી, પંચમી શંકર ક્રમ;
અંતઃકરણ એહી પંચમો, આકાશ સ્થાપન ધર્મ. ૭
એહી શંકરના શીશમાં, ચોટયો ચંદ્ર સદાય;
નવ લક્ષ તારા તેહના, ગણતર ભાટ ગણાય. ૮
તારા મંડળ શીવનું, ચંદ્ર લીલાટે ઠાઠ;
ગણતર છે નવ લક્ષનું, જાહેર જુગમાં ભાટ. ૯

છપ્પો.

જાહેર જુગમાં ભાટ, નવ લક્ષ તારા ગણીઆ;
સાસ્ત્ર પુરાણે સાખ, ગતી પહોતી ભવ ભણીઆ.
ચંદ્ર તણું મંડળ, નવ લક્ષ ગણતર ભાટે;
શીવ ચાંદાકી નાત, જગતમાં જાહેર ભાટે.
શીવ શીશ આકાશમાં, સર્વ ઉપર નવ લક્ષ રહે;
તારા તરે તારે સહી, ભાટ બ્રહ્મ ભાવે કહે.

દોહરો.

શંભુ કે લીલાટથી, ઉપજ લખીએ ભાટ;
ચંદ્રાઇ સરસ્વતી તે થકી, નામ ચંડીકા ભાટ.
શીવ શક્તિ વીવાહ કરિ, પણ્યો પ્રેમ પ્રકાશ;
જગત રચાવા કારણે, વસ્યા ઘટોઘટ વાસ.
બ્રહ્માએ બંધન કરી, બજવી જુગમાં જોડ;

દસુંદ આપી ભાટને, નહીં રાખી નીજ ખોડ.
દસુંદ દશ ઈંદ્રી તણી, પુરણ પાપ કે ઠાઠ.
તે ખવરાવા કારણે, ઉપજાવ્યો બ્રહ્મ ભાટ.
ઓહોમ શંકર તણો, બન્યા શો હમ સગોટ.
બેહોઠકી બીચમાં, બોલે શબ્દ બારોટ.
આકાશ કેરો હોઠહે, સૌ ઉપર શીવ ઠાઠ.
હેઠળનો બ્રહ્મા તણો, ધરા ધરીકો ઘાટ;
સોહમ મહીમા સરસ્વતી, ઓં આકાશ શીવ તાત.
આકાશ પૃથ્વી બે થકી, શબ્દ ભડાકો ભાટ;
પીતા શંકર મા સરસ્વતિ, તેહની વર્ણ ગણાય.
દસુંદ જે નહીં કાઢશે, વેતરણીમાં જાય;

ચોપાઈ,

સરસ્વતિ શંકર બેનો ઘાટ, શબ્દ ભડાકો બોલે ભાટ;
પ્રથમ વીલંગ ઉપન્યો સાથ, સરસ્વતિ માતને જોડયાહાથ.
કહો તાત માતા શું કરૂં, દસુંસ ખાઇને કયાં પગ ધરૂં;
દસુંસ પાપ ખાઇજે આપ, તેને રાત દીવસ પરીતાપ.
ત્યારે સરસ્વતી બોલી માત, વીલંગ સુતનું સાંભળ વાત;
દસુંદ પાપ જે આપે ખાય, જડા મુળીઉ તેનું જાય.
ભાટ વિના જે હોડે હાથ, તેહને કોપે ચંદી નાથ;

સરસ્વતિ કહે સુણો સુખ આપ, નામપાપનો બાળે તાપ,
દસુંસ ખાઇને જપવું નામ, નામ થકી થાશે વિશ્રામ,

છપ્પો.

નામ રૂપનો મર્મ, ઉપાસન કરવો મોટો;
નામ જગતમાં શ્રેષ્ટ, નહીં કોઇ બીજો જોટો.
તેથી તું જ ઉધાર, નહીંતો નર્કે જાશે;
દસુંધ પાપનું દુઃખ, ખાઇને ખેતા ખાશે.
ખાજ્યો ગાજ્યો નામને, નામ પાપને બાળશે;
સરસ્વતિ કહે સત નામથી, યજમાન સૂર્ય સંભાળશે,

દોહરો,

પ્રથમ વીલંગ શંભુકને, સદા ભજનમાં આપ;
ત્યાર પછી કૈવલ થયો, ભાટ ભડાકો માપ. ૧
ત્રીજે ભવમાં ભીમસી, શેષ પાસ સત સાથ;
કૈવળ બાળ પાસે રહયો, નીજ નારાયણ ગાયર,
ત્રેતામાં નીજ રામની, પાસે ભાટ રહેમ પાળ;
ખાય તેહના નામથી, ગાય ગુણ ગોપાળ. ૩
દ્વાપરમા સંજય સદા, ધ્રતરાષ્ટ્રની પાસ;
ભારથ ગીતા મેળવી, રળી ખાય જુગ વ્યાસ. ૪
સનકાદીક રૂપીઓ કને, નિમ સ્યારણ્ય માંહ;

સુત મુખ ગીતા સાંભળી, ધર્યા પુરાણા ત્યાંય. ૫
કળયુગમાં વિક્રમ કને, શીવ સુત નીજ વૈતાળ;
આવે જાવે સ્વર્ગમાં, સુત શંકરનો બાળ. ૬
ચંદ પાસ પૃથુરાજની, રહેતો સામત અંગ;
પંદર ઉપર સોળમાં, અમર નામ ઉમંગ. ૭
દીન હક ભરતો અકબર, પાસે ભાટ ગુણ ગંગ;
પરંમ પરાની વાર્તા, ઉપના એહી ઉમંગ. ૮
એક વખત બળી રાયજી, બેઠા સભા સ્વરૂપ;
ત્યાં કૈવલ આવીયો, ઓઁ एक અરૂપ. ૯
આસીશ બળીને આપતો, કૈવલ શબ્દ અપાર;
બળી રાજાના બળ તણો, જગતમાં જય જય કાર ૧૦
આશીશ કરી ઉભા રહ્યા, ભાટ કૈવલ બ્રહ્મ;
બળી રાજાએ પુછીયું શબ્દ સુણો મન મરમ. ૧૧
કૈવલને કહે છે બળી, કુંણ તાહરી માત;
ગુરૂ તમે કહોને કહો, સત્ય સુણાવો વાત. ૧૨

છપ્પો.

કહો જાત કુંણ ભાટ, ઉપાયા કોણે તમને;
કહો વિદ્યા ગુરૂ કોણ, રૂપ ઓળખાવો અમને.
ભાટ દસુંદી હુવા, કટારી કોણે આપી;
કોણુ વિદ્યાનો જાણ, વસ્તુ શ્રી નીર્ણે થાપી.

પાસે રૂદ્ર માળ છે, જનોઇ કોણુ દેતો સહી;
જજમાન કોણુ છે તમ તણો, જાચોછો કોને અહીં:

કેવલ ઉવાચ.

છપ્પો.

અ હમ દેવી કે સુત, ગુરૂતો નારદ કહાવ્યા;
સત્ય સત યુગથી ભાટ, અજનમા શીવે ઉપાયા.
બ્રહ્મ ભાટ એક આઁ, માત સરસ્વતિ ભણાઇ;
દસુંદ આપી રામ, કટારી કમર બંધાઇ.
ચાર વેદ કથની કથી, ત્રીન લોક નીર્ણય કરી;
રક્ષણુ રૂદ્ર માળ છે જનોઇ, બ્રહ્મ માયા ધરી.

છપ્પો.

સુર્ય દેવ યજમાન, સત્ય નીજ સાચા દાતા;
અંતરમાં નીજ ઓથ, સદા આપે સુખ શાતા.
કેવલ શબ્દે આધ, બળી ગુણ મનમાં રાખે;
સમજ લીયો સૌસાર, શબ્દ કેવલ સત ભાખે.
શુણત સુખી બળીરાજ થયા, આદી સનાતન વાસને:
પરા પુર્વથી સત્ય એહ, કેવલ રાખ્યો પાસને.

છપ્પો.

બ્રહ્મ ભાટ ભવમાંહી, સદા શંકર ઉપાસી;

અંતઃકરણ આકાશ, નવે લક્ષ તારા વાશી.
એહી શંભુ લીલાટ, ચંદ્રનું મંડળ ઓપે;
દુભે નીંદે કોઈ તેહને, સરસ્વતી કોપે.
ભાટ ચાહ્ય તેવું કરે, અવેરી ચોરી તજી.
જાચે સાચા સુર્યને, નિષ્કલંક નારાયણને ભજી.

છપ્પો.

નિષ્કલંક સાચો સુર્ય, ભાટ સૌને ભજવાનો;
બાકી બીજો ધાટ, ઠાઠ માયા તજવાનો.
આદી અનાદી એક, ટેક રાખી કોઇ જાણે.
સચરા ચરમાં વાશ, પ્રકાશ નીજ આપ પ્રમાણે;
સ્વરૂપ આદ્ય અનાદથી, મધ્યમાંહી માયા કથી.
કલ્પીત માયા માનવી, સમજીદ્યો સુરતી પતી.

છપ્પો.

પ્રથમ રૂપ ૐ ભાટનું રૂપ આકાશે;
નીચો પરાસો હમ, જક્ત બ્રહ્મ માયા ભાસે,
આકાશ ૐ અખંડ, શોહમ સો કલ્પીત ખંડા;
સાસ્ત્ર પુરાણો વેદ, સોહમ બાંધ્યા બ્રહ્માંડા.
આં બ્રહ્મ આકાશકો, સોહમ બ્રહ્મ નવ ખંડીયા;
મન માયા કલ્પીતની, મીથ્યા જુગ બ્રહ્માંડીયા.

દોહરો.

ઓં રૂપ અખંડ હે, આકાશ અમર એક;
મહા વર્ણએ શીવની. રદીયે રાખ્યો ટેક.
ભાટ શીવ ભુલી ગયા, થયા બ્રહ્માના જીવ;
બંધનમાં બંધઈ રહ્યા, નીર્દય થયા ન શીવ.
સોહમ સો જુગ બંધીઆ, બ્રહ્માના ઘરમાંહ;
કરમ કરાવી ભુલવ્યાં, ભટકાવ્યા ભવમાંહ.
સોહમ બ્રહ્મની સુરતી, સરસ્વતી રૂપ સલંગ;
સરસ્વતી શીવ કંઠે રહી, લીધુ શીશ કલંક.
તેથી શીવ લલાટમાં, ચોટયો ચંદ્ર સદાય;
તે કદી નવ ઉખડે, સુરતી શામ ગણાય.
બ્રહ્માને મન ભાવ નહીં, છતો કરે નહીં ભાટ;
કલંક બીક મનમાં ઘણી, રહ્યા દબાવી ઘાટ.

નીરાચની ચાલ.

રહ્યા દબાવી ઘાટ, માતમાત ચંદી સુતને;
પ્રસીદ્ધ ના કર્યા કલંક, બેહશે રખે મને.
એથીએ ભાટ જીવ સુત શીવના દબાવીઆ;
ભમાવી રૂપ જીવ શીવ રૂપને ભુલાવીઆ.
બતાવે વર્ણ ચાર જુગ ચારને કરે છતી;
ક્રીયા જે સુરતી સુતાપતીમાં ના કરે મતી.

ઓં ભાટ નાત ઘાટ પંચમી દબાવતા;
રદય આકાશ શીવ વાશ પાશના મણાવતા.
સદાઇ જાત શીવનાત જાતના છતી કરી;
કુમારીકા કલંકની તે વાત નવ વીસ્તરી.
પોતાનાં વર્ણ ચારને પોતે પ્રસીદ્ધ રાખતાં;
સદાય શીવનીય છે એક તેહને નવ ભાખતા.
જેને વધારો હોય તે જગત જીતના કરે.
નહીં વધારો હોયતો અખંડ એકલા ફરે;
નમાને કોઇ તેહને અનાદી એક નાતને.
વધારામાં વધારો તે ભળે બધી ભાતને;
સદાય શીવ જાત એક નાતના સદાપતિ.
બનાવી ઘાટ ભાટ એક બ્રહ્મની કહે ગતી.
કહેછે શીવ મુજ એક વર્ણ કોઈ જાણશે;
દ્વૈત નામ રૂપથી અદ્વૈત સુખ માનશે.
કહે ભગા વહાલા પ્રભુ ભુલ ચુક માફ હજો;
હળી મળીને બ્રહ્મ ભાટ શીવછો છતા થજો.
મળીને નાત જાત ભાત નાત ગુણ ગાવસો.
સદા સ્વરૂપ શીવ રૂપ તાતમાં સમાવશો.

દોહરો.

ધર્મ રાખવા કારણે. આંહમ આકાશને હોડ;

આકાશ પોતે વીસ તર્યા, શંભુ સદા અખોટ. ૧
બ્રહ્માની શુરતી તણી, વાણી સરસ્વતી ઘાટ;
શંકર બ્રહ્માદોઇ મલી, શબ્દ ભડાકો ભાટ. ૨
શબ્દ થયો શંકર થકી, આકાશ ઘણું દોઇ હોઠ;
બ્રહ્માના ઘર બારણે, સરસ્વતી શબ્દ બારોટ. ૩
બોલે તે બાહેર સદા, શબ્દ વર્ણુ શીવ કર્મ;
ચંદ્ર પ્રજા નવ લક્ષ છે, પરમાર્થકો મર્મ. ૪
બ્રહ્માની ભવરાત છે, ઘરમહી ઘોર અંધાર.
તે ઉપર હે ચંદ્રમા, શીવકે શીષ પસાર. ૫
રાત્રીનો રાજા બન્યો, બ્રહ્મા ઉપર આપ;
ચંદ્રમા શીવનું કર્મ, નવે લક્ષ ગણ માપ. ૬
માપ બાંધ્યુ પાપથી, દશુંશ કાડી ઠાઠ;
પરમારથને કારણે શબ્દ રૂપ બ્રહ્મ ભાટ. ૭
સોહમ શબ્દ બ્રહ્મા તણો, ઓહમ ભાટ અરૂપ;
ઓહમ સોહમ દોઇ જાણજો, બ્રાહ્મણ ભાટ સ્વરૂપ. ૮
આદી અનાદી એમ છે, ક્રીયા કરે બ્રહમાય;
કર્મ શંકરનું સદા, પરમાર્થનું ખાય. ૯
પરા પુરવ પ્રસિદ્ધ સહી, સાસ્ત્ર પુરાણે શાખ;
શીવ લલાટે ચંદ્રની, ગણી વર્ણ નવ લાખ. ૧૦
નવે લાખ બ્રહ્મ ભાટનું, જુગમાં ગણુતર જોય;

ભગવાન વાહલા પ્રભુ કરી, શબ્દે સમજો શોય. ૧૧
શબ્દ ભડાકો ભાટ હે, પરખો શબ્દ આકાશ;
નવે લક્ષ ગણુતર ગણ્યા, તારા રૂપ પ્રકાશ. ૧૨
શબ્દ આકાશ હે નવ લખ, બ્રહ્મ ભડાકો ભાટ;
અંતઃકરણ અકાશકો, વરણુ ગણે ગુણ ઘાટ. ૧૩
અગ્ની બ્રાહ્મણ વરણ હે, જગતે રૂપ જણાય;
સ્પર્ષ ક્ષત્રી પવન હે, રસથી વૈશ્ય ગણાય. ૧૪
ગંધ વર્ણ શુદ્ર સહી, વરણ પાંચ વિસ્તાર;
અંતર સોધી અંગમાં, સજ્જન કરો વિચાર. ૧૫
શંકર કેરી એક હે, બ્રહ્મા કેરી ચાર;
ભગવાન વાહાલા પ્રભુ કરી, સમજો શબ્દ આધાર, ૧૬
વૈશ્નવને પ્રજા નથી, થીરતા ઠોર સંતોય;
પાલન પોક્ષણ તે કરે, નીરણે જાહેર જોય. ૧૭

લલીતની ચાલ.

લલિત છંદ છે નવ લાખનો, વેદ સાસ્ત્રમાં; પુરાણ શાખનો
દસુંદ આપવા શંકરે ધર્યો, પાપ ટાળવા; પરમાર્થી કર્યો. ૨
ઓહમ જાપથી, શીવ ભાટ છે, શોહમ જાપનો; બ્રહ્મ ઠાડછે. ૩
સોહમમાં સો. વરણ ચારતો ઓહમમાં જુઓ એક તારતો;
દસુંદ આપવા ભાટ બ્રહ્મ હે, દાન આપીને સરસ્વતી કહે. ૪
દસુંદ આપની આપે ખાયછે, તેહ પાપથી વંશ જાયછે. ૫

શીવ કોપશે આપ પાપથી, નરકમાં જશે વેદ કેકથી. ૬
શીવ સુતને માનશે નહીં, શીવ કોપસે સરસ્વતી કહી. ૭
સત્ય જાણજો વાતછે ખરી, દસુંસ ખાયતે દુઃખ દેહ ધરી. ૮
ક્રીયા કરેછે તેહ બ્રહ્માની સુરતી, ક્રીયાનું પાપતે દસુંદછેછતી
આપ પાપને આપ ખાયછે, અત્યંત દુખમાં ઘણો ગમાયતે.
આપ પાપનો રસપી મુઆ, જુવો જગતમાં દુખીઆ હુવા.૧૧
વીહેણાંસુરતી ક્રીયા કરીમથી, બાલ પેટમાં ખઇ ગયાં છતી.
દસુધ ભાટને માનશે નહીં, તેહ જીવની અગતી કહી. ૧૩
રામાયણ ધર્મમાં હસ્તા મળેલખે, સરસ્વતિ કહે તાતની પખે
દશેય ઇંદ્રીઓ ક્રીયા દસુંધની, પાપ થાયછે આપો આપની.
ક્રીયાનું પાપતેદસુંધ આણજો, દસુંધભાટને ખવારીજાણજો
નહીંતો છુટકો કોકાળમાં નથી, નર્કમાં જસે વેદ કહે કથી૧૭
સુત સરસ્વતી તણાજેટાળશે, શીવ તેહને અઘોર ઘાલશે૧૮
પાપે કોપશે ચંદી નાચતો, ચંદીનો પતી જુગતમાં છતો.૧૯
ચેતજો સૌ દસુધ કાઢજો, દેવી સુતને જમો જમાડજો. ૨૦
દુભશો કદી દુખ પામશો, ચંડી નાથના કોપમાં જશો. ૨૧
સાંભળો સૌ સત્ય વાતને, સરસ્વતિ કહે બ્રહ્મ તાતને. ૨૨
ચંડી સુત્ર થયા ચંદજી સહી, વાર્તા પૃથુરાજને કહી ૨૩
ભગાવહાલા પ્રભુ અનુજ વાતનો દયા ધરોસૌ દાસનાતને

દોહરો.

સરસ્વતિ કહેછે તાતને, જો નહીં માનો ભાટ;
શંકર સૌને કોપશે, રોગ થશે ફેફાટ.
રોગ દુઃખ ઉત્પન્ન થશે, શંકરના નીરધાર;
માટે ચીતમાં ચેતજો, સંસય નહીં લગાર.

બ્રહ્મ ભાટને પાળવા, અંતર રાખી હેત;
શંકર સાહ્ય કરે સદા, મનવાંછીત ફળ દેત.
બ્રહ્મા શુણતા સત્ય વૃત, સરસ્વતી કેરી વાત;
નહીં માનેતો નર્કમાં, જાય જગત સાક્ષાત.

ચોપાઈ.

સરસ્વતિ કહે પીતાની પેર, હવે જાવું નથી ઘેરઘેર.
એક શબ્દ પ્રજા અંગથી, ચડાંતે મટવાની નથી.
તેથી મારો ચંડી પાઠ, ભણે શબ્દ જાતે નીજ ભાટ;
હું ચંડીમાતા ભાટની, વર્ણ ચાર કોઈ નહીં ચાટની,
તે ચંડીનું ખાશો કર્મ, તો આ જુગમાં ભાગે બ્રહ્મ;
દસુધ જુગમાં ચંડી ખાય, બીજો ખાય જડામુળ જાય;
ચંડી માત તણા સુત ભાટ, તેનું કર્મ ચંડી પાઠ.
ભાટ કર્મ જેજન કોઇ ખાય, તે આ જુગમાં પાપી થાય
ભાટ માત ચંડીનો ધર્મ, બ્રહ્મા ખાય ભાટનું કર્મ.

॥ મનહર ॥

જે કોઇ ખાવે ચંડી કર્મ, મોટાએ ગણ્યો અધર્મ;
આપનો ન જાણે મર્મ, કર્મ કુટી ખાય છે. ૧
આપની દસુંદ આપ, ખાય કર્મે કરે પાપ;
ચંડી પુત્રનું કર્મ, ખાઇ નરકે જાય છે. ૨
આપે અભીમાન પાપ, ખાય જે દસુંદ આપ;
રોગમાં ગમાઇ જાય, વૈતરણી તણાય છે, ૩
કહે ભગવાન ખ્યાત, સરસ્વતી કહે તાત;
માનવી આ સત્ય વાત, જગતમાં જણાય છે. ૪

॥ મનહર ॥

સુણો મન બ્રહ્મા સાર, આપની વર્ણ ચાર;
આપના હી વેદ ચાર, તત્વંચાર આપકો. ૧
આપનોઇ જુગ ચાર, આપનોઇ મુખચાર;
આપની હે દેહીચાર; અવસ્તાહે વ્યાપકો. ૨
આપનીહે વાણિચાર, પરાસૌ પસંત્રી સાર.
મધ્યમાં કહે વીચાર, વૈખરિ વીલાપકો. ૩
ભડાકેથી બોલે બ્રહ્મ, બળગે દસુંદ કર્મ;
બોલવાકો નાંહિ મર્મ, બ્રહ્મ રૂપ આપકો. ૪

॥ દોહા ॥

બ્રહ્મ અગ્નિ બોલે નહિ, સુણો તાત મન મર્મ;
દસુંદ ચૌટે બોલતાં, ભાગે ભવનો ભ્રમ. ૧

શબ્દ ભણકો ભાટ છે, નહિ બીજાનું કામ;
સરસ્વતી કહે સત માનજો, ધારણ ધારી ધામ. ૨

છપા.

ધારણ ધરજો ધર્મ, કર્મ ભાટનું કહાડી;
નહિતો નીરદે થસો, જગત સૌ કહે અનાડી. ૧

સંકર કરસે કોપ, રોગ બહુ વહેતા કરસે;
વર્ણ તમારી ચાર, ઘણુ પિડામાં મરશે.
નેગિ તમે હો તાતજી, બ્રહ્મ ભાટને પાળજો;
ભગવાન વહાલા પ્રભુ કરિ, દયા દીલ સંભાળજો.

દોહરો.

સંપ રખો નીજ નાતીઓ, સૌ સંપે સુખ થાય;
આદ્ય ભટ્ટી બ્રહ્મથી, ઉંચ વૃત્તિ ઉઠી જાય,
ઉંચ બને ઉંચી ક્રીયા, નિચા નીચ કરંત;
પેટ પતાળે માલીઆ, અન ઓડકાર મરંત.

અન તેવો ઓડકાર છે, સોબત અસર મનાય;
સંગ તેવો રંગ ઉપજે, તેથી ભ્રષ્ટ ગણાય.
ઉંચ કીયા ઉત્તમ તણી, મુરખ ધરે પ્રસાદ;
ઉત્તમ બુદ્ધે ઉત્તમ, ઘર પામે નીજ આદ.
નીચ કીયા નર નિચનું, જો ખાવે કોઇ અન.
તે ભ્રષ્ટ ભ્રષ્ટ થઇ ભ્રષ્ટમાં, ભરમે ભવમાં મન;
મન માયાના આકળા, નિચ કીયા ના ખાય;
ને નિચા નિચી વૃતી, ખડે ખડે પ્રેત મનાય.
બ્રહ્માના સોદ્ર ચરણ, કટી વૈશ કહેવાય;
ભુજ ક્ષત્રી જાણીએ, મુખ બ્રાહ્મણ કહેવાય.
સોદ્ર ખાવે વૈશનું, તો તેમાં નહિ દોષ;
વૈશ ખાય ક્ષત્રી તણું, કરવો નહીં અપસોસ.
ક્ષત્રી ખાવે બ્રહ્મનું, તો નહીં તેમાં પાપ.
સજન સોધી સાર લેહો, મનમાં આણો માપ.
બ્રાહ્મણ ખાવે ક્ષત્રીનું, ક્ષત્રી વૈશનું ખાય;
વૈશ ખાય સેદ્ર તણું, રાંધેલ દોષ ગણાય.
બ્રહ્મા કહે વર્ણ ચારને, રાંધ્યા અનમાં દોષ:
કાચું અન લીધા થકી રહે નહીં અપશોસ.
કહાડ અતાપિ વર્ણને, બ્રહ્માએ નિરધાર;

પટસારો કહી વેદથી, બાંધ્યો જગત વહેવાર.

ચોપાઇ.

એક સમે નિજ રમતા રામા, હિસે ડાકોર નાંખ્યા ધામા;
કરી સમાધી ગોમતી ઘાટે, દિન એકાદશ થયા સવડાટ.
ત્યાં ક્ષત્રી વજેશંગ આવ્યા, સંત દેખી મન પ્રેમ ઠરાવ્યા
વજેશંગ સત્ય શેવા કરતા, અંતરમાં રણછોડ સમરતા.
રમતારામ જાગીઆ જ્યારે, વજેશંગ સત દીઠા ત્યારે;
બોલ્યા વચન મુખે મન ધરજો, તુળસી કરલઇ હરિ સમરજો
દ્વારામતી પતિ અહીં આવે, તુજ શેવા સત પ્રાપ્તી થાવે;
એવું સત્ય અંતર નિજ ભાસે, ડાકોર માહાત્મ બહુ વખાણે
રમતારામનું વચન વિચારી, વજેસીંગે મન ભકતી ધારી
તુળસી કરમાં લેઇ સત ધામા, રણછોડ રટે નીજ નિજ નીત નામા.

દોહરો.

રમતારામ વચન થકી, ઉપની ભકતી અખંડ;
સત્યવસ્તુ સ્મરણ થકી, છુટી ગયો જમ દંડ.
વજેસંગને કહે સહી, કરજો સત્યનું કામ;

ભાટ સુધારો થાય તો, નવે ખંડમાં નામ.
તું કહેજે સત વારતા, સુણતા સુંદીર શામ;
કલીમાં ભાટ સુધારવા, નીરખાવી નિજ નામ.
એમ વચન કરિ ચાલીઆ, રમનારામ સત્ય સાથ;
દેશ ઉંડી શામહી વસ્યા, જાણી નીજ જગનનાથ;
ત્યાર પછી વજેશંગજી, સમરે સત્ય રણછોડ;
વરસ બોહોતેરે મળ્યા, પહોંચ્યા પુરણ કોડ.
દ્વારામતિ પતી આવિયા, કરદિન દિસ ડાકોર;
વજેસીંગને વશ થયા, ઠામ તખત ડાકોર.
તેનો બહું વીસ્તાર છે, ડાકોરનું માહત્મ;
ડાકોરમાં આવી વશા, પોતે પુરણ બ્રહ્મ.
બોડાણે રણછોડને, કહી વાત વીસ્તાર;
બ્રહ્મ ભાટ સુધારવા, કામ કરો નિરધાર.
ત્યારે હરી રણછોડજી, બોલ્યા મુખથી બોલ;
સત્ય શંભુનિ વર્ણું છે, તરસે આગળ તોલ.
બ્રહ્માએ સૌ ભુલવ્યા, લાલચ લોભકો હાડ;
સરસ્વતિ સુતને ભુલવ્યા, નવ લખ કટારી ભાટ.
તવ બોડાણો બોલીઓ, પ્રભુ ગામ મુજમાંય;
જ્યારે ત્યારે ગોમતી, ઉપર સુધરે સાંચ.

પ્રભુએ આપ્યું વચન તો, વજેસંગ શીર સાટ;
તુજ ગાંમની ગોમતી, ઉપર સુધરે ભાટ.
તે વચન સત પાળવા, પ્રગટયા પુરણ કોડ;
નટપુરમાં સ્વપ્નો દીયો, રામ સુત રણછોડ.

લલીતની ચાલ,

સ્વજન આચીયું સુખ ધારજો, હળીમળી સૌ સત્ય સુધારજો.
રામ સુત તું બુદ્ધીમાં રહે. હળીમળી સૌ નાતિને કહે ૨
કહેજો કે સૌ નાતીના પતી, ડાકોર મળી નાવ ગોમતી ૩
ઉપવીત ધારજો બ્રહ્મમાં ભળી, કામ સારજો સૌ હળીમળી ૪
બ્રહ્મભાટ છો સરસ્વતિ તણા, ઉતરી ગયા સાંઢમાં ઘણા. ૫
ભુતકે ચણી આપ આપણી, ભ્રષ્ટ થઈ ગયા કશાયમાં નથી ૬
ટેક રાખજો ડાકોર મળી, સત્ય પાળજો સંપમાં ભળી. ૭
સંપ તુટીઓ તેથી તુટીઆ, પેટ પાપથી ઉતરી ગયા. ૮
સત્ય શું ધરો સંપથી સૌ, સુખ પામશો સત્ય એ કહ્યું ૯
નાત નાતીના ગુણ ભાવશો, સુધરી સૌ ઉંચમાં જશો ૧૦
નાત નાતીની ઉપમા કરે, તેથી તેહની ફરસદી ફરે. ૧૧
નમો તમારીતો નાતીને ભજો, શીવ સુત છો સર્વને તજો.
નાતી નાતીની કીર્તી કરે, તેનો જગતમાં ફરસદી ફરે. ૧૨

કુવી ઘણા થયાબાટ નાતીમાં, ખોદણી કરી જાત જાતીમાં ૧૯
સુજુઈ ચેતજો ઉંચછો અતિ, ડાકોરે મળી નાવ ગોમતી. ૧૫
સ્વપ્ન સુભ થયું રામ સુતને, ઝટપ જાગીઆ કોણ કહે મને
વિચાર મન કરી રદયમાં ધર્યું પ્રભુએ મુજને સ્વપનું કર્યું.
તથાં નાતીને એકઠી કરી, ડાકોર મળી સર્વ સુધરી.
લલીત છંદ આ ઢાળમાં ધર્યો, અભણ હું ભગો ગુણ
વીસ્તર્યો.
ભુલ ચુકતે માફ્જે સાહું, દાસ નાતીનો કરગરી કહું.

દોહરો.

ડંકપુર ભેગા મળ્યા, નવલખ કટારી ભાટ;
પ્રભુએ સુભ સ્વપ્નો દીયો, જ્ઞાતી સુધારા માટ.
બ્રહ્માંડ ગામ એકવિશના, પંચે પંચ ભરાય;
નામ જથારથ નામીચા, ગમ પહોંચી ગુણ ગાય.
ગામ ચઉદ પ્રખ્યાતછે, તેનો બહુ વીસ્તાર;
સમજુ સુખીઆ સાર લો, વેદ વચન દ્રઢ ધાર.

છપ્પો.

દીલ ડાકોરે મળ્યા, નેક નવલીખ કટારા;

અંગ ગોમતી ઘાટ ભાટ બ્રહ્મ ભાવ અપારી.
નટપુરના નીરધાર શ્રેષ્ટ રણછોડ રામા;
બકોર હરી બળવાન, દલુ સુત મીઠા નામા.
ગેમલ સુત રણછોડછે ત્રીકમ મનસત;
ચેહરી નટપુર પંચ પ્રમાણમાં,દેહી ધર્મ ધારણ ધરી.

છપ્પો.

અમદપુરના ભાટ માધવ શીવલાલ કહાવે, કાળા સુત છે જેષ્ટ સુંદર સીધા ગુણ ભાવે, તારાપુરના ભાટ દયાળસુત બેચર નામા, ભગા ગુણ રણછોડ મહોબત સામત સત કામા, વજા કુંવર કેદાર કરાર રઘુજી કરસન જાણીએ, તીલક તારા પુરતણા બ્રહ્મ ભાટ પ્રમાણીએ.

છપ્પો.

માતરમાં મોહબત સુત રઘુજી સુતસારા ધીરા સુત ગલા નાથુ સુત ડુંગર પ્યારા, જેઠા સુત ભાઈ બાદાલો જેઠા ગુણ જાણો વસ્તાવર ભગવાન નથુ બેચર પ્રમાણો દાના દીલ ભગવાન છે બ્રમ્હ ભાટ એહી બાળીઆ

મળ્યા દીલ ડાકોરમાં સુરત શબ્દ સંભાળીઆ.

છપ્પો.

ત્રંબાવટ ખંભાત ગલા સુત ઇચ્છા એવા, સતમાંજી
ભાઇ છતા બાપુ ચેતર હર શેવામાંના પ્રભુદાસ તરે ટેક
રા રાવ ભાવ્યા. રત્ન સુત દાદા સૌ ડાકોરે આવ્યા,
લાલ સામત ગલા હરી અમીર ગમાન ગુણ ભાવીઆ
સરદાર સુતદાભાઇ તથા દામા વરખ સૌ આવીયા;

છપ્પો.

સરદાર સરે ગંભીર, દામાજી બાવા જાણો;
આણંદ બાપુ રાવ, ભાવ સત ભાટ પ્રમાણો.
પંચ પ્રખ્યાતિ સાર, બ્રહ્મ સો સિરા સરે છે;
નાતે આપ્યું માન, સરવ જણ ભાવ ધરે છે.
વડોદરૂ, અછાલીઆ; તાંદલજા, તલ પાટણું
તરે ટેકરા ભાટ બ્રહ્મ, ગુણ તેહના શા ભણું;

છપો.

જાહપર માધવ અનોપ, જેષ્ટ માધવ ગુણવાના;
શાવળી કુંવર કલા, નથુ મુળ ધર ધ્યાના.
ભગવાન, રામદા, ભલા, પ્રેમમાં ત્રણે પુરા;
બ્રહ્મ ભાટની ટેક, ધરે નરમાં કોઇ સુરા.

નારે મન શીવા નથુ, હલુ, ભગતા ભાવિઆ;
દીલ ડાકોરે ભાટ બ્રહ્મ; હરખ કરી સૌ આવિઆ.

છપ્પો.

શિવા મોહકમ જળસેન, દાદા સુત કાળા જાણો;
દામા ઇચ્છા અંગ, રંગ બ્રહ્મ ભાટ પ્રમાણો.
જમરૂખ શીંજીવાડ, સુત તેહના પ્રભુ દાસા;
સંતોખ દયાલ કહેવાય, હીમત કસી ચાંગ હુલાસા.
પાટણ અમર ત્રીકમ, વસ્તા સુજા સાર છે;
હજુ કેદાર મેહરૂ ભાઇબા, કેદાર સવા નિરધાર છે.

છપ્પો.

દેવા મોખત જોઇ, નાથુ શુત ડુંગર કહે છે;
સવા ચત્રભુજ સાર, શુભ કલોલે રહે છે;
ભાઇ સામળ ખરા, તેહનિ ટેક અપારા,
ધન્ય ધન્ય બ્રહ્મ ભાટ, ઘણા ગુણીજણ ગુણ ધારા.
લેચ દુરજોધન સહિ, જેઠ પ્રલાદ જણાય છે;
ઉમેદ સુતભાઈ ભલા, દામા વાચ ગણાય છે.

દોહરા

દંકપુર ભેગા મળ્યા, સુંદર દલા સ્વરૂપ;
ચૌદ ગામના મારથિ, ભાટ બ્રહ્મ ભવ ભુપ.
નવ લખ કટારિ નાતના, મળ્યા ગોમતિ ઘાટ;

સભા રચી બેઠા સૌ, બ્રહ્મ જાણે બ્રહ્મ ભાટ;
એહિ વખતે આવ્યા સહી, રૂષિ રાજા રામ;
ઉભા રહ્યા કેતા ભયા, કરો કહ્યુ તે કામ.
બ્રહ્મ ભાટ ઉત્તમ તમો, ભ્રષ્ટ થયા જુગમાંય;
અન રાંધ્યું ખાધા થકી, ડુબી ગયા જુગમાંય.

ચોપાઈ

રાજારામ બોલ્યા છે તેહ, નવલખ કટારી સુણજો એહ;
જીવ લલાટ તણા બ્રહ્મ ભાટ, કલજુગ બેઠા ભાગ્યો ઘાટ.
રાંધ્યુ અન્ન ક્ષત્રીનું ખાય, તો તે બ્રાહ્મણ ભ્રષ્ટ ગણાય;
ક્ષત્રી કદી વૈસ્યનું ખાય, તો તે ક્ષત્રી ભ્રષ્ટ ગણાય.
વૈસ્ય કદી શુદ્રનું ખાય, રાંધ્યા અન્યથી સૌ વટલાય.
બ્રહ્માએ જુગ બાંધ્યા ભેદ, મરજાદા વરતાવે વેદ;
મરજાદા તોડી કોઇ જાય, તેવા જાણ જઇ નરક સમાય.
મરજાદા પુરૂષોતમ એક, રાખે તેહનો રહેશે ટેક;
વરણુ પાંચમાં સરસ્વતી શબ્દ, બ્રહ્મ ભાટ થયા સોલેપદ.
બ્રમ તનિયાનાછો બ્રહ્મભાટ, નવલખે નભમાં બાંધ્યો વાટ;
ઘેર ઘેર જનજે ભટકાય, તો તરણાથી હલકો થાય;
ભટકી ભ્રષ્ટ થયા જે જન, નાઇ કુંભારનું ખાધું અન્ન.
બ્રહ્મ બીજ સાચું જે હશે, તો તે ઉત્તમ રહેશે શીખશે;

સંધ્યા મેલી સૌનું ખાય, તેર તાંસલિ રૂપ જણાય.
નંદા જગત કરે સર્વેથી, ભ્રષ્ટ ભાટ થયા કહુ છે કથી;
ઉંચા હતા તે નીચા થયા, ચંદીનાથને ભુલી ગયા;
રાજારામ કહે રણછોડ, સમજી શબ્દ પોચાડો કોડ
ચાદ ગામના મલીયા ભાટ, નવલક્ષ ગણતરમાંહી ઘાટ
રણછોડ વીચાર્યું મનડા માંય, સર્વ જાણોને પુછે ત્યાંય.
ક્રીયા ઉંચી કરવી સાર, વેદ સાસ્ત્ર વરતો નીરધાર.
સરસ્વતી મતી થઇ પારવતી, ચંદી શકતી શંકર ગતી.
શબ્દ ભડાકો શંકર ઘાટ, સરસ્વતી શબ્દ ભડાકે ભાટ;
ચંદીનાથ તણા સુતસાર, નવલખ ગણતર છે વિસ્તાર.
ઓહુમ આકાશ શંભુના તન, તારા તરે સર્વે મનુમન;
શુક્ષમ નવલક્ષ નિરગુ નામ, સૌની ઉપર શંભુ ધામ.

છપો.

સરસ્વતી શબ્દ એ સુત, કુણ કરણીના કહીએ;
સરસ્વતી બ્રહ્મા તણી, ઓહમ રશ શંકર લહીએ.
શબ્દે બાંધ્યો ભેદ, રૂષિ સંગી હરણીના;
સરસ્વતી સુત પુરાણી, કાહોએ કુણ કરણીના.
પુત્રી છે બ્રહ્મા તણી, શંભુ ઓહમ અછેદ છે;
બ્રમ ભાટ નવલખ એ, કરણી સંગતી ભેદ છે.

છપ્પા.

કરણી સંગતી ભેદ, ક્રિયા ક્ષત્રીની જાણો;
માતા બ્રહ્મ તનીયા, તેથી એહ બ્રહ્મ પરમાણો.
બ્રહ્માને અધીકાર, તેટલો તમને છાજે;
ગાયંત્રી ગીતાય, શબ્દમાં સરસ્વતી ગાજે.
વેદ મંત્ર શત શંભવે, ઉત્તમ ગમ અવતારને;
પાલિ પલાવો ધર્મને, ચલવો સત વેવારને.

છપ્પો.

સમઝ લઇયો સૌ સાર, પાસ જણ પ્રેમી આવ્યા;
મોઢ ગામનો બાટ, હરખ ઘણો મનમાં લાવ્યા.
સભ્ય રચી સુખ ઠાઠ, પ્રેમથિ પુછ્યું ભાવે;
સરવેસ્વર હા કહ્યું, કળિમાં લેવા લહાવે.
ઋષિ રાજારામે સર્વને, ઉપવીત મંત્ર આપ્યો સહી.
નાત સુધરા કારણે, ભગવાનદાસ ભાવે કહી.

ચોપાઇ

નાતી સુધારો કીધો સાર, ગોમતી ઘાટ બાટે વિસ્તાર;
સતજુગ સાર વિચારિ લીયો, નવે લક્ષને હરખ્યો હૈયો.
નામે બ્રહ્મ ગણી નવ લાખ, સાસ્ત્ર પુરાણે પુરે સાખ;
નવે લક્ષ તારા નભમાંય, ગણ્યા બહુ ગણવાના ન હુાય

વહિ વંચાતો વંચે વહી, એ ગણુતરનો પારજ નહીં;
કંનાજીનો નવ આવે પાર, કંકાલીનો બહુ વિસ્તાર.
પાલીમગા કહુ બહુ ઘાટ, શેષ સર્વથી છે બ્રહ્મ ભાટ;
નામ સદા નવ લાખ બ્રહ્મ, બ્રહ્મ તણો કોઇ જાણે મરમ;
બ્રહ્મભાટ નવલક્ષ પરમાણ, વળી કટારિ જુવો જુગ જાણ.
બીજા તારાનો નહિ પાર, જુગમાં ઘાટ ઘણા વિસ્તાર.
તેથિ નવલખ નિરમ્યું નામ, બાકી ગણુતર અગણિત ધામ;
તારા જુગમાં તારે સહી, અણુતારા ગુણાંઈ મહિ.

મનહરની ચાલ.

નવે લક્ષ તારા જોઇ, ગણિ ના શકેજ કોઇ;
ગણિતે કટારિ, નવલાખની પ્રમાણિએ. ૧
બ્રહ્મએ બ્રહ્મ ભાટ, માત સરસ્વતિ ઘાટ;
ચ દીકાઓ પંચતત્વ, પંચ ચંદિ જાણિએ. ૨
ભટાકેથિ બ્રહ્મભાટ, નવે ખંડ ગુપ્ત ઘાટ;
પુર નવદ્વારનું, નવ લક્ષ વાણિએ. ૩
સમજી શબ્દએ, પંચમીએ વર્ણ દેહ;
પરમ કારણ રૂપ, પંચમી વખાણિએ. ૪

છંદ વિજાની ચાલ.

કોની જાણો કલંક તણી જુગ, પાંચ તત્વ હું ચંદી વખાણો

ચાંદા ગયાતબચ દિ કાહાવત,આવત ગુણ મનો મનજાણે:
વ્યાસ થયા વણ પરખિ થકિ વળિ, એક લહરણિ ક
લંક અહિઆણે. ૩
સરસ્વતિ શબ્દ પુરાણિ થયા સુત, કહો કોણ કરણી
કહીને પ્રમાણે. ૪

ઇંદ્ર વિજયની ચાલ.

કહો કોણ કરણી તણા કહે ભાટને, વરણી શકે નહી
વિશ્વ વિખ્યાત. ૧
આપને તાત કોઇ કહે કોઇ,એહ વિચારિ નહિ ગુણ ગાતા;
આમા સુતા નીજ માતકી વાત, કહ્યાથી તે શબ્દ કલંક
દેખાતા દાસભગોનીજ
જાની તણો બ્રમ ભાટ ભટકે ભણે બ્રમ મન્યાતા.

ઇંદ્ર વિજયની ચાલ,

પીંગલ ભેદ પઢયો નહી વ્યાકરણ તાલ કછુ નહી મા
ત્રા મીલાઇ.
મગણ,તગણ,જગણ,ભગણ,અગણ,કછુ નહી અંકલગાઇ
શુદ્ધ રહે અનુભવ થકી, સંતા રામ કહી ભગવાન કહાઇ
નાતી તણો નીજદાસ ભગો, મન બુદ્ધી પ્રમાણે ગણે:
ગુણ ગાઇ.

છંદ વિજયની ચાલ.

ચંદીનાથકા રૂપ અજન મહી, વેદ પુરાણથી વીશ્વ વખાણે;
પોથી પઢી પઢી પંડીત ભુલત; કાજી કુરાણ ભણી નવ જાણે.
દ્વાદશ પંથને પાખંડ છન્નુઇ, ખટપટ ખેલ મતા મતી તાણે;
ચક્રિદ વિદ્યા ગુણ થાય સીરોમણી, સોદા કરી મન મો
હ વખાણે;
લાભ કમાઇલિપેસરી કહાવત, છપ્પન ઉપર ભેર બજાવે
તેમ અષ્ટાંગ વિધી સો સાધત નાડીઓ ચંદ્રાસુર સાહાવે.
મન મગન ભઇ ગરજે તબ, અષ્ટ પ્રકારકી શીદ્ધી મનાવે
દાસ ભગો કહેતો હવાજી વાહી શીવરૂપન નીજ પદ પાવે,

છંદ વિજયની ચાલ.

સત સમાત વળી આપલીએ કળુ ભેજન સો નીકસો
મન જાણે.
અચળ ચલાવે ચલત ઠરાવે, પંથ ચલે નહી પુર પ્રમાણે.
અઢાર પુરાણ વ્યાકરણ વ્યાસનાં શીવકાળીવકર્મ બંધાણે
દાસ ભગોમન તોયન ચેતત જીવકા શિવ સ્વરૂપ ન જાણે.

છંદ વિજયની ચાલ.

ચંડીય નાથકી ભાટ ભજો બ્રહ્મ કર્મ કરી સુભ ધર્મ ચલાવો.
સંપ રખો નીજ ન્યાતી પ્રમાણમાં, ચંડીય નાથ તણા
ગુણ ગાવો. ૨

માયનેતાતકું ત્યાગ કરી,તમો ઓર મતીમન શોદભમાવો
સંપરખો સત ભાવથંરો મન શુદ્ધ કરી નીજ ધામ ઠરાવે

ચાલ છંદની.

ધરિલો નીજ ધામ, નંગ કરિલો સત્ય કામનું;
પ્રકાશ ચીદ એકનંમ, આણંદ સુખ ચેતનમ.
મલાર્ગ અશ્ન ભાટયં, નવય લક્ષ ચાટયં;
સુધારો સુભ કીજીતં, જગત જશ લીજીતં.
ઉત્તમ ઉદ્દેશ રાખજો, કપટ કાઢી નાંખજો;
સદાય સંપમાં ભળો, કુસંપમાં રખે ગળો.
સુધારા ભાવ લીજીએ, કુધારો નહી કીજીએ;
સૌને શીખ આપવી કુમતી દુર કાપવી.
સુમતિ બોધ દીજીએ, સુધારા કામ કીજીએ;
સદાય ધર્મ પાળવો, મરજાદથી વિચારવો;
મરજાદ કોઈ મુકશો;અગ્ની નર્કમાં જશો,
ખરી આવાત ધારવિ. ગુરૂની વિચારવી.
પ્રભુએ ટાળ્યો આપથી; નાની વચન માપથી.
નાની વચન તોડશે નીસેધ: નર્કમાંજશે.

ચળીત ચંડી કોપશે, અનેક રોગ રોપશે.
મહાય કષ્ટ ભાળશે, નાતી વચન ટાળશે.
તેને તો સરસ્વતી સદા, પ્રશ્ન ના રહે કદા;
નાતિનું વેણ પાળશો, સદાય સત્ય ભાળશો.
નાતીથી મોટુ કોઈ નથી કહેછે જગત તે કથી;
નાતીનો કોઇ દાસ છે, સદાય શીવ પાસ છે.
નાતી મરજાદમાં ભળે, તેને તો લક્ષમી મળે.
મુગટ શીશ જાણજે, નાતીને વખાણજે.

નીરાચની ચાલ.

જુઓ વિચારી બ્રહ્મ ભાટ જીવ શીવ રૂપને;
ભજે આકાશ પાશ વાશ રૂપ ચૌદ ભુપને.
ચેતન શકિત સરસ્વતિ સબ્દ બ્રહ્મ ભાટછો;
નવેય લક્ષ શીવ પક્ષ, ચંદ્ર વર્ણ થાટછો.
વીચારી વર્ણ રૂપ ધર્મ, પાળજો પ્રમાણમાં;
રખેય પેટ પાપથી તો; ભુલતા અજાણમાં.
જુઓ પતાળ ધાલતું, આ પેટ સર્વ પ્રાણીને;
ચળીત ચાર જુગથી મળે છે, ચાર ખાણીને.

તેથી તે ધર્મ પાળજે, પળાવજે આ પ્રાણીને;
સદાય સંપ બોધ સુભ, આપવો વખાણીને.
કર્યો સુધારો સત્ય, ધર્મ રાખવો વીચારથી;
બ્રહ્મ રૂપ ભુલશો તો બ્રમ ભાટ તે નથી.
કહે ભગા વહાલા પ્રભુ, અનુજ અંગ એકમાં;
પળાવી ધર્મ પાળવો, વિચારથી વીવેકમાં.
નવેય લક્ષ નાતીનો, હું દાસ છું દયા ધરો;
ભણ્યામાં ભુલ હોયતો, સુધારીને સમુ કરો.
પઢયો ન પીંગળ ન વ્યાકરણ નગણ જાણીઓ;
નમેળ માત્રા અક્ષર ન છંદ રૂપ આણીઓ.
કદીજ બુદ્ધીમાન કોઇ, શબ્દને સુધારજો;
ગણોછે ગુણ જ્ઞાતીનો, ગુણી જનો વીચારજો.
સદાય શીવ ચંડીના, સ્વરૂપ શબ્દ ભાટછો;
નવેય લક્ષ નામમાં, ગણીત બ્રમ ભાટછો.
દયા ધરીને દાસ રોસ, અંતરે ન લાવશો;
કરી આણંદ અંગ રંગ જ્ઞાતી ગુણ ગાવશો.

દોહરો.

ગાજો ગુણ નવ લક્ષના, સંપ કરી સૌ સાવ;
સુધારામાં સૌ મળી, લેજો મનુષપા લાહાવા.
મનુષપા દેહિનો લાભ છે, સત્ય ક્રીયા સત નામ;
પાળી ધર્મ પળાવજો, કરવું ઉત્તમ કામ.
ઉંચ ક્રીયા ઉંચી કરે, નીચા નીચ કરંત;
ઉંચા સ્વર્ગ સદનમાં, નીચ નર્ક ફરંત.
ધર્મ પાળતા ના કદી, તે નર નીચા વેશ;
ચંદ્રનાથ ત્યાં કોપશે, કરસે કેર કલેશ.
સત્ય ધર્મ જે પાળશે નાતી વચન નીરધાર;
તે ઘેર ચંદ્રી નાથના, આણંદનો અંબાર.

છંદ ભુજંગીની ચાલ.

ભજો દેવ ભોળા, ખરો જાપ જાપો;
અજનમા અરૂપી વસ્યો વિશ્વ વ્યાપો.
આકાશો અખંડા અડોલં અનામી;
દસે દેશ દ્વાદેશ જે તેશ સ્વામી.
ઓં વિશ્વનાથં, તમો ત્રંબે કેશં;

સદા આપ આપે, મહંકાલે સંગ.
નમો મમલેશ્વર, ઓંનીજ નામં;
કરો કામ કેદાર પુરાણુ કામં, નમો નાગનાથં.
ધુમેશ્વરધામં, નમો વૈજનાથં, અભયકર કામં;
નમો મલીકા જુન શંકર ભીમા.
નમો શોમનાથ રામેશ્વર સીમા,
નમો જાપ જોતીષ છે લીંગ બારંગ.
નમો આપ આપં, અરૂપી અપારં;
ગળે રૂદ્ર માળા. સદા સાર સાપં.
અજનમા અનામી વદે વેદ જાપં;
સદાકાળ લલાટ, ચંદ્ર બીરાજં.
જટા જુથમાં, વાર ગંગા ગીરાજં;
ભવો ભયરવ, ભુતના આપ દેવં.
કરે સાકણી દાકણી સક્તિ શેવં;
હરીને હરા નીજ, આપે અરૂપં.
ભણે દાસ ભગવાન માયા સ્વરૂપં;
અખંડમ અનામ અરૂપી અજાતા;
નવે ખંડમાં છો, દયા દાની દાતા.

ઘણા ભાવથી તો, ભણે ભગવાનં;
ઓં નીત્ય આપો, ગણો ગુણ ધ્યાનં.
સદા સીવજી તાત, કરજો સુખારી;
પરાધ્યાન અમરત સુરતી ઉચારી.
ભણો ભાટ ચંડી તણા, ગુણ ગ્યાનં;
સદા શીવ શંભુ, સૌમાં સમાન.

નથી જાણતા તે તણું રૂપ ભાટં;
થયા જીવ શંભુ તણા ઘાટ ઘાટં.

આપે આપનું રૂપ, જાણ્યું ન આપે;
પડ્યા બ્રહ્મ માયા, વિશે પુરણ પાપે.
ઓં બ્રહ્મ ભાટં અખંડમ અનાદંમ;
પડી ભુલ તે આપ, આપે ગઈ ગમ.
પીતા આપ આપે વીસાર્યા અનામી;
ભણે નીજ ભગવાન અંતર જામી.

દોહરો.

ભાટ પાટ ચંડી ભણો, સંભુ સુત સદાય;
નહીંતો ચારે ખાણમાં, બ્રહ્મ માયા ભટકાય.

બ્રહ્મ માયામાં ભુલીઆ, ચેતિ ચાલો સર્વ;
રાવણ દુરજોધન ગયા, ગર્વ ધર્યો તે સર્વ.
ઓં સોહમ દોહી રૂપ છે, પૃથ્વીપર આકાશ સોહમ;
શબ્દ જુગ બંધિઆ, બ્રહ્મા જગત વિલાસ.
ઓં બ્રહ્મ બાહરોટ છે, સો ઉપર આકાશ;
નવલખ તારા વર્ણ છે, બ્રહ્મ બારોટ પ્રકાશ.
સમજી રહેજો સર્વજન, મુકી મનની ભીત;
આપે આપ સ્વરૂપ નીજ, ચક બે શબ્દા તીત.
ઓં શંકર સર્વદા, ચરાચર આકાશ;
હરદમ ગમને જાણશો, પુરણ બ્રહ્મ પ્રકાશ.
ભગવાનદાસ ભાવે કહે, જપો આપ નીજ જાપ;
સ્વતંત્ર સર્વે જુઓ, ટાળો ત્રિવિધિ તાપ.

દોહરો.

નવલખ કટારી નાતમાં, જમણવાર સહુ જોય;
ખરેખરી ખંભાતમાં, બ્રહ્મ દશાની શોય.
બાકી બધે દીઠું હમો, બાકળા વેહેંચી ખાય;
બ્રહ્મ દશાના તે નહી, શક્તિ દશા ગણાય.

વસવાયા લેઇ જાય છે, જેમ રાંધેલું ધાન;
તેમાં કાંઇ સારૂ નહીં, ભસ્ટા ભસ્ટી અમાન.
તેથી સૌ નાની તમો, ચાલો બ્રહ્મ દશાય;
ભગવાન વાહાલા પ્રભુ કરો, સૌનું સારૂં થાય.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ પુસ્તક હમણા નવું ભાટ લોકોને ઘણું કીમતી થઇ પડશે. આ પુસ્તક નવા ગામ પરગણા માતરમાં સવજી જીવાને ત્યાં મળશે જેને મંગાવાની ઇચ્છા હોય તે ટપાલ મારફત મોકલવામાં આવશે, અને દેશાવરને ટપાલ ખર્ચ મંગાવનારને સીર છે. અને સામટી રાખનારને સેકડે પાંચ ટકા કમીશન મળશે